# હિસાબ નિયામકશ્રીની કચેરી,નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

---

## પરિપત્ર

**વિષય:-** તા.01-07-2017 થી રાજ્ય સરકારનાં કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાનાં દરમાં વધારો કરવા બાબત...
(સાતમાં પગારપંચ સંદર્ભે)

આ સાથે સામેલ ગુજરાત સરકાર, નાણાં વિભાગના તા.17-10-2017 ના ઠરાવ ક્રમાંક: વલભ-102016-જીઓઆઈ 7-ચ મુજબ તા.01-07-2017 થી 5% **મોંઘવારી ભથ્થાના દરમાં** સુધારણા કરવામાં આવેલ હોય, જેને આ યુનિવર્સિટીમાં અમલ કરવા માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી, નીચેની સુચાનાસહ ઠરાવ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) સાતમાં પગારપંચ મુજબ પગાર-ભથ્થા મેળવતા અધિકારી/કર્મચારીઓને માહે: નવેમ્બર-૧૭નાં રેગ્યુલર પગાર બીલે (4+1) = 5% મુજબ મોંઘવારી ભથ્થું આકારીને ચૂકવવાનું રહેશે.

(૨) તા.01-08-2017 થી તા.31-10-2017 સુધીના સમયના 1% મુજબ મોંઘવારી ભથ્થા તફાવતના બીલો તૈયાર કરી માહે: ઓક્ટોબર-૧૭ ના રેગ્યુલર પગારબીલનું ચુકવણું થયા બાદ વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રીની કચેરીને રજુ કરી આપવાના રહેશે.

હિસાબ નિયામક

જા.ન.નકૃયુ/હિની/કન્ટ્રોલ/૭૩૨૯/ તા: ૨૫/૧૦/૨૦૧૭

**નકલ જયભારત સાથ રવાના:**

(૧) આ યુનિવસિટીની તમામ કચેરીના વડાશ્રીઓ / નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ
(૨) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી,અત્રેની કચેરી
(૩) હિસાબી અધિકારી(કેશ) અત્રેની કચેરી
(૪) નિયામકશ્રી, આઈ.ટી. ઉપરોક્ત વિગતે ERP સોફ્ટવેરમાં જરૂરી સુધારો કરવા વિનંતી..

તા.૧/૭/૨૦૧૭ થી રાજ્ય સરકારના કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૧૭/૧૦/૨૦૧૭

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૧૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ
(૨) નાણા વિભાગનો તા. ૧૨/૫/૨૦૧૭ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ
(૩) ભારત સરકારના તા. ૨૦/૯/૨૦૧૭ ના ઓફીસ મેમોરેન્ડમ નં. ૧/૯/૨૦૧૭/ઇ.૨(બી)

//ઠરાવ//

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર છેલ્લે સંદર્ભમાં દર્શાવેલ તા. ૧૨/૫/૨૦૧૭ ના સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૧/૧/૨૦૧૭ ની અસરથી ૪% ના દરે મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન દરમાં તા. ૧/૭/૨૦૧૭ થી સુધારણા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| તા. ૧/૭/૨૦૧૭ થી | મૂળ પગારના ૫% |

નાણા વિભાગના તા. ૧૬/૮/૨૦૧૬ ના ઠરાવની જોગવાઇ અનુસાર રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અન્ય હુકમો ન થાય ત્યાં સુધી મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય તમામ ભથ્થાઓ સુધાર્યા પૂર્વેના એટલે કે છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર માળખામાં મળતા પગાર અને દર મુજબ મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓને તા. ૧/૭/૨૦૧૭ થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થુ તથા તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

રાજ્ય સરકારના પેન્શનરોને તા. ૧/૭/૨૦૧૭ થી મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ તથા પંચાયત કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ/સંસ્થાઓ/યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન કોલેજો જેમના કર્મચારીઓને રાજ્ય સરકારની મંજુરીથી સાતમા પગારપંચ પ્રમાણે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે તેવા કર્મચારીઓને લાગુ પડશે.

આ હુકમોનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓ તેમજ કામ પુરતા મહેકમ પરના કર્મચારીઓ જેમને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને મળવાપાત્ર થશે.

પંચાયતો દ્વારા તેમના કર્મચારીઓને મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ, આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ તે શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે આ રીતે મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા (AIS) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ-:</u>

- માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન .મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન .વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.